[Q - 1]. નીચેના પ્રશ્નોનાં ઉત્તર આપો.

(1) તે ક્યાં રહેતા હતા? તે જગ્યાનું નામ લખો.

- તે ગામડામાં રહેતા હતા. તે ગામનું નામ મગરવાડા હતું.

(2) તેમનું ઘર કઈ કઈ સામગ્રીમાંથી બનાવેલું હતું?

- તેમનું ઘર કાચી ઈંટો માટી અને નાળિયાથી બનાવેલું હતું.

(3) તેમના ઘરમાં શૌચાલય હતું? જો ના, તો તે ક્યાં હતું?

- ના, તેમના ઘરમાં શૌચાલય ન હતું. તેઓ શૌચ-ક્રિયા માટે ગામના વગડામાં કે ખેતરમાં જતાં.

(4) ઘરના કયા ભાગમાં રસોઈ બનાવવામાં આવતી હતી?

- તેમના ઘરની સામે એક વડો હતો તેમાં તાપડાં (શણના કોથરા) બાંધીને રસોઈ બનાવવામાં આવતી.ઘણા લોકો ઘરના એક ખૂણામાં માટીના ચૂલા પર આસોઈ બનાવતા.

(5) નિલભાઈનું ઘર બન્યું ત્યારે ખૂબ જ ગાર / માટીનો ઉપયોગ થયો. શા માટે.?

- નિલભાઈનું ઘર આજથી એંશી વર્ષ પહેલા બન્યું હતું. તે સમયે ગામડાઓમાં સિમેન્ટ, રેતી, લોખંડ કે ઈંટોનો વપરાશ ન હતો. તે સમયે ગામડાઓમાં સિમેન્ટ, રેતી, લોખંડ કે ઈંટોનો વપરાશ ન હતો. તે સમયે તેમનું ગુજરાત પણ માંડ-માંડ ચાલતું હતું. નિલાભાઈને ખરચરિયા (જયરામનગર)ગામમાં રહેણાંકની જગ્યા મળી એટલે તેઓએ જાતમહેનતથી ગાર / માટી, લીંપણ. ભુશું અને લાકડાંની ડાળીઓનો ઉપયોગ કરી ઘર બનાવ્યું હતું. આમ ઘરની દીવાલો અને ભોયતળિયું માટીનો ઉપયોગ કરી બનાવ્યું હોવાથી ખુબજ ગાર / માટીનો ઉપયોગ થયો હતો.

[Q - 2]. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

(1) તમારું ઘર બનાવવા માટે કઈ કઈ સામગ્રીઓ ઉપયોગમાં લેવામાં આવી છે?

- અમારું ઘર બનાવવા માટે ઈંટો, સિમેન્ટ, કપચી, રેતી, લોખંડ, ટાઈલ્સ, કાચ અને લાકડું વગેરે સામગ્રીઆૅ ઉપયગમાં લેવામાં આવી છે.

(2) તમારા મિત્રનું ઘર કઈ કઈ સામગ્રીમાંથી બનેલું છે? તે શોધી કાઢો. શું તેમાં કોઈ ફેરફાર છે? તેના વિષે લખો.

- મારા મિત્રનું ઘર ઈંટો, સિમેન્ટ,કપચી, રેતી, લોખંડ, ટાઈલ્સ, વિલાયતી નળિયાં અને સાગનાં લાકડામાંથી બનેલું છે.. તેના ઘરના વિશેષ સુશોભન માટે બારણાં અને બારીઓના ઉપરના ભાગે વિલાયતી નળિયાં લગાવવામાં આવ્યા છે. મારા ઘર કરતા મારા મિત્રના ઘરમાં ઉપર મુજબનો ફેરફાર છે.

(3) નીલાભાઈના પૌત્ર-પૌત્રીઓ કેવા ઘરમાં રહેશે? તમે શું વિચારો છો?

- સમયના બદલાવ સાથે નીલાભાઈ તેમના પુત્ર લાખાભાઈ તથા નીલાભાઈના પુત્રના પુત્ર એ ઘરના બાંધકામમાં બદલાવ લાવીને ઈંટો, સિમેન્ટ, રેતી અને લોખંડ-કપચીનો ઉપયોગ કર્યો. એમ આધુનિક સામના નીલાભાઈના પૌત્ર-પૌત્રીઓ પ ઈંટો, સિમેન્ટ, રેતી, લોખંડ, કપચી, લાકડું, ટાઈલ્સ અને અન્ય સામગ્રીઓથી સજ્જ એવા મોટા ઘરમાં રહેવા જશે. એમ હું વિચારું છું.

(4) તમે મોટા થઈને ક્યાં રહેવાનુ પસંદ કરશો? તમે કેવા પ્રકારનું ઘર પસંદ કરશો?

- હું મોટો થઈને શહેરમાં રહેવાનુ પસંદ કરીશ. હું શહેરમાં આધુનિક સગવડતા ધરાવતા સ્વતંત્ર બંગલામાં કે "વિલા' પ્રકારના ઘરમાં રહેવાનુ પસંદ કરશે.

(5) તમારા દાદા-દાદીઓના ઘર શાના દ્વારા બનાવવામાં આવ્યાં તેના વિશે તમે લખ્યું શું તેમાંની કેટલીક વસ્તુઓ તમારું ઘર બનાવવા ઉપયોગમાં લેવાઈ છે? તેના નામ આપો.

- હા, , મારા દાદા-દાદીઓના ઘર ઈંટો, સિમેન્ટ, રેતી, લોખંડ તથા છાપરાં, નળિયાં અને લાકડાંના બનેલા હતાં મારા ઘરમાં પણ એ જ સામગ્રીનો ઉપયોગ થયો છે. દાદા-દાદીઓના અને આજના અમારા ઘરમાં ફેરફાર એટલો છે કે અમારા મકાનની છત ધાબાવાળી અને અમારું મકાન આધુનિક સુખ-સગવડતાવાળું છે.

(6) લોકોને તેઓ જે કામ કરે છે તે અનુસાર નામ આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે જે માણસ લાકડાનું કામ કરે છે. તેને સુથાર કહેવાય. તમારા ગામમાં જે લોકો લાકડાનું કામ કરે તમે તેને શું કહો છો?

- અમારા ગામમાં જે લાકડાનું કામ કરે છે તે લોકોને અમે મિસ્ત્રી કહીએ છીએ.

[Q - 3]. ચિત્ર જુઓ અને કોષ્ટક પૂર્ણ કરો.

(1) અલગ અલગ લોકો દ્વારા અહી કેવા પ્રકારનાં કામ થાય છે?

➢ અલગ અલગ લોકો દ્વારા અહીં નીચે પ્રકારના કામ થાય છે. જેવા કે, (1) કુંભાર દ્વારા ચાકડા પર માટીમાંથી વિવિધ વસ્તુઓ બનાવવામાં આવે છે. (2) મજૂરો રેતી, સિમેન્ટ, પાણી ભેગા કરીને ચણતર માટે માલ તૈયાર કરે છે. (3) તૈયાર થયેલા માલ અને ઇંટો દ્વારા કડિયા ચણતર તથા પ્લાસ્ટર કરે છે. (4) ઈલેક્ટ્રિશિયન દ્વારા ઇલેક્ટ્રિકનું કામ થઈ રહ્યું છે. (5) પાણીની વ્યવસ્થા માટે વિવિધ પ્રકારની પાઈપફિટિંગનું કર્યા પ્લમ્બર દ્વારા ચાલી રહ્યું છે.

(2) ચિત્રમાં તેઓ કયા સાધનોનો ઉપયોગ3કરતાં બતાવવામાં આવ્યાં છે? તેમના નામ કોષ્ટકમાં લખો.

| કામ | સાધન | તે માણસ શું કહેવાય છે? |
|---|---|---|
| 1. માટીમાંથી વિવિધ વસ્તુ બનાવે છે. | ચાકડો | કુંભાર |
| 2. સિમેન્ટ, રેતી, પાણીને ભેગા કરી માલ બનાવે છે. | પાવડો, તગારું | મજૂર |
| 3. ઘરનું ચણતર કામ કરે છે. | લેલુ, મસ્ટર | કડિયો |
| 4. ઘરનું ઇલેક્ટ્રીકનું કામ અરે છે. | ટેસ્ટર, પક્કડ, વાયર, ડ્રિલ મશીન | ઇલેક્ટ્રિશિયન |
| 5. વિવિધ પ્રકારની પાઈપફિટિંગ, નળફિટિંગ કરે છે. | પક્કડ, પાના, ડ્રિલ મશીન | પ્લમ્બર |

(3) શું તમે આ પ્રકારનું કામ કરનારા માણસોને જાણો છો? તેઓની મુલાકાત લઈ માહિતી મેળવો અને તમારા મિત્રો સાથે તેની ચર્ચા કરો.

➢ હા, હું આ પ્રકારનું કામ કરનારા માણસોને જાણું છું. તેમાં સુથાર, કુંભાર, કડીયો, પ્લમ્બર, ઇલેક્ટ્રિશિયન, લુહાર વગેરે કારીગરોની મે મુલાકાત લીધી, માહિતી મેળવી અને તેમના કાર્યો વિષે મારા મિત્રો સાથે ચર્ચા કરી, જે નીચે પ્રમાણે છે.

➢ સુથાર: તે લાકડામાંથી વિવિધ વસ્તુઓ જેવી કે- બારી, બારણા, પાટલા, પાટલી, ખુરશી, ટેબલ, કબાટ, પલંગ વગેરે બનાવે છે.

  ઓજારો: કરવત, રંધો, ફરસી, હથોડી, સિગરો, શારડી

➢ કુંભાર: તે માટીમાંથી વિવિધ વસ્તુઓ જેવી કે- ઇંટો, નળિયા, માટલા, ઘડા, હાંડલા, કોઠી, કુંજા, કુલડી, કોડિયા, તાવડી, તવી વગેરે બનાવે છે.

  ઓજારો: ચાકડો, લાકડી અને ટપલું

- કડિયાં: તે ઈંટ, પથ્થર, આરસ, ટાઈલ્સ, માટી, રેતી, કપચી, ચૂનો, સિમેન્ટ વગેરેનો ઉપયોગ કરી ઘરની દિવાલોનું ચણતર અને પ્લાસ્ટર કરે છે. દુકાન તથા ટાંકી પણ બનાવે છે.
  ઓજારો: તગારું લેલું, ઓળંબો, ડસ્ટર, હથોડી
- પ્લમ્બર: તે ઘરમાં પાઈપલાઈન નાખી નળ ફીટ કરી આપે છે.
  ઓજારો: પક્કડ, હથોડી, વાનરીપાનુ, સ્ક્રૂ ડ્રાઈવર
- ઇલેક્ટ્રિશિયન: તે ઘરમાં વીજળીની લાઈન નાખે છે, તથા ગોળો, ટ્યુબલાઈટ, પંખા, એ.સી, ગીઝર, વગેરેનું ફીટીંગ કરે છે.
  ઓજારો: સ્ક્રૂ ડ્રાઈવર, ટેસ્ટર, ટેપ, ડ્રિલ મશીન
- લુહાર: તે લોખંડમાંથી વિવિધ વસ્તુઓ જેવી કે-બારી, બારણાં, સીડી, જાળી, દરવાજા, હળ, પાવડા, કોદાળી, દાંતરડા વગેરે બનાવે છે.
  ઓજારો: એરણ, હથોડો, ઘણ, સાણસી, કાનસ, કાતર, છીણી વગેરે.

[Q - 4]. જ્યાં બાંધકામ ચાલતું હોય તેવા સ્થળની શિક્ષક કે વાલીની મદદથી મુલાકાત કરી નીચેના પ્રશ્નોનાં ઉત્તર આપો.

(1) શાંનું બાંધકામ થઈ રહ્યું છે?

- ત્યાં બહુમાળી ઈમારતનું બાંધકામ થઈ રહ્યું છે.

(2) કેટલા માણસો કામ કરી રહ્યા છે?

- ત્યાં લગભગ 300 માણસો કામ કરી રહ્યા છે.

(3) તેઓ ક્યાં પ્રકારનું કામ કરી રહ્યા છે?

- ત્યાં જુદા જુદા પ્રકારનું કામ ચાલી રહ્યું છે. એન્જિનિયર પ્લાન મુજબ કામ થઈ રહ્યું છે કે કેમ તેની દેખરેખ રાખી રહ્યા છે. કડિયા ચણતર કરી રહ્યા છે. મજૂરો માલ બનાવીને મશીન મારફતે મળને ઉપર મોકલી રહ્યાં છે. જે ભાગમાં ઈમારતનું ચણતર કામ પૂર્ણ થયું છે. ત્યાં પ્લમ્બર નળફીટીંગ અને પાણીની પાઈપલાઈનનું કામ કરી રહ્યા છે. ઇલેક્ટ્રિશિયન ઇલેક્ટ્રીકનું કામ કરી રહ્યા છે સુથાર બારી બારણા બનાવવા અને તેને દીવાલમાં ફીટ કરવાનું કામ કરી રહ્યા છે. સુપરવાઈઝર મજૂરોને ઝડપથી કામ કરવાની સૂચના આપી રહ્યા છે. ઈન્ટીરિયર ડિઝાઈનર મકાનની અંદરના કામનું માર્ગદર્શન આપી રહ્યા છે.

(4) ત્યાં કેટલા પુરુષો અને સ્ત્રીઓ છે?

- ત્યાં લગભગ 220 પુરુષો અને 80 સ્ત્રીઓ છે.

(5) તે લોકોને દરરોજ કેટલા રૂપિયા મળે છે? એક-બે લોકો ને પૂછો?

- એક-બે લોકોને પૂછતાં જાણવા મળ્યું કે પુરૂષોને દરરોજ 400 રૂપિયા મળે છે અને સ્ત્રીઓને દરરોજ 250 રૂપિયા મળે છે.

(6) મકાન બનાવવા કઈ કઈ સામગ્રી વાપરવામાં આવી છે?

- મકાન બનાવવા માટે ઈંટો, રેતી, સિમેન્ટ, રેતી, કપચી, લોખંડ, લાકડું, ટાઇલ્સ, પથ્થર. આરસ, ગ્રેનાઇટ વગેરે સામગ્રી વાપરવામાં આવી છે.

(7) મકાન બનાવવા કેટલી ટ્રક ઇંટો અને કેટલી થેલીઓ સિમેન્ટ વાપરવામાં આવી હશે? તે અનુમાન કરવા પ્રયત્ન કરો.

- મારૂ અનુમાન છે કે મકાન બનાવવા 100 ટ્રક ઇંટો અને 5000 સિમેન્ટની થેલીઓ વાપરવામાં આવી હશે.

(8) બાંધકામની જગ્યાએ સામગ્રી કેવી રીતે લાવવામાં આવે છે? તેની યાદી બનાવો.

- બાંધકામની જગ્યાએ ટ્રક, ટ્રેક્ટર, ટ્રોલી, રેકડી, હાથલારી, મિનિ-ટ્રક વગેરે વાહનો દ્વારા સામગ્રી લાવવામાં આવે છે.

(9) કિમંત શોધી કાઢો:

- સિમેન્ટની એક થેલી: 450 રૂપિયા
  એક ઈંટ: 5 રૂપિયા
  રેતીની એક ટ્રક: 5000 રૂપિયા

(10) થોડા બીજા પ્રશ્ન પૂછો અને તેના ઉત્તર લખો.

- A. **(i) સિમેન્ટની સાથે કેટલી રેતી ભેળવવામાં આવે છે?**
  એક થેલી સિમેન્ટની સાથે ત્રણ બોરી રેતી બેલાવવામાં આવે છે.

**(ii) બની રહેલી બહુમાળી ઇમારતનો નક્શો કોણે બનાવ્યો હશે?**

બની રહેલી બહુમાળી ઇમારતનો નક્શો આર્કિટેકે બનાવ્યો હશે.

**(iii) વજનદાર વસ્તુઓ ઉપર કેવી રીતે પહોંચાડો છો?**

વજનદાર વસ્તુઓ ઉપર પહોંચાડવા ક્રેનનો ઉપયોગ થાય છે.

**(iv) શું બાળકો અહીયા મજૂરી કામ કરે છે?**

ના, બાળકો અહીયા મજૂરી કામ કરતા નથી.

**(v) શું અહીં કામ કરતાં મજૂરોનાં બાળકો શાળાએ જાય છે?**

કેટલાક મજૂરોનાં બાળકો શાળાએ જાય છે. મોટા ભાગના મજૂરોનાં બાળકો શાળાએ જતાં નથી.

**(vi) કામ કરવાવાળા મજૂરો ક્યાં રહે છે?**

કામ કરવાવાળા મજૂરો બિલ્ડિંગ સાઈડમાં બનેલા કાચાં મકાનોમાં રહે છે. કેટલાક મજૂરો પોતાના ઘરે રહે છે. કેટલાક મજૂરો ચણતર કામ પૂર્ણ થયેલા મકાનોમાં રહે છે.

[Q - 5]. એંશી વર્ષ સુધીમાં નિલાભાઈના ઘરમાં જુદા જુદા સમયે જુદી જુદી સામગ્રીઓ ઉપયોગમાં લેવાઈ હતી તેની સાચા ક્રમમાં યાદી બનાવો.

(1) એંશી વર્ષ સુધીમાં નિલાભાઈના ઘરમાં જુદા જુદા સમયે જુદી જુદી સામગ્રીઓ ઉપયોગમાં લેવાઈ હતી તેની સાચા ક્રમમાં યાદી બનાવો.

- માટી, ભૂંસું, ગાયનું છાણ, લીમડાની ડાળીઓ, શણના કોથળા
- કાચી ઈંટો, સિમેન્ટ/રેતી, લોખંડ, ચૂનો
- પાકી ઈંટો, લોખંડ, કપચી, સિમેન્ટ/રેતી
- પાકી ઈંટો/રેતી, લોખંડ, કપચી, સિમેન્ટ, આરસ, રંગીન ટાઈલ્સ